# અસહ્ય ગંદકી-કાદવથી ઉભરાતુ આદીવાડા ગામ





ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના માર્ગો પર ફરો તો એવુ ચોક્કસ લાગે કે આનાથી સરસ, સુંદર શહેરબીજુ નહી હોય પરંતુ શહેરને અડીને આવેલા અને શહેરમાં સમાવિષ્ટ એવા ગ્રામ્ય વિસ્તારો ગંદકી અને કાદવ કિચડથી ખદબદી રહ્યા છે. સેક્ટર-૨૮ની સાવ નજીક આવેલા આદીવાડાના રહીશો તો જાણે નર્કાગારમાં જીવી રહ્યા છે. વારંવાર આ અંગે રજુઆતો કરવામાં આવી હોવા છતાં તંત્રના બહેરા કાન સુધી આ ગ્રામજનોની અરજ જાણે પહોંચતી જ નથી.

ગાંધીનગરની રચનામાં શહેરની આસપાસ આવેલા ગ્રામ્ય વિસ્તારો જેવા કે વાવોલ, આદીવાડા, બોરીજ, ઈન્દ્રોડાના ખેડૂતોએ પોતાની મહામુલી જમીન આપી છે. ત્યારે શહેરને અડીને આવેલા તેમજ શહેરમાં સમાવિષ્ટ ગામોની હાલત આજે પણ કફોડી છે. શહેર સ્માર્ટસીટી બનવા તરફ ઊંચી ઉડાન ભરી રહ્યું છે. ત્યારે ગામડાઓના પાયાના પ્રશ્નોનો નિવેડો આજદિન સુધી આવ્યો નથી. ગામડાઓમાં રસ્તા, લાઈટ, ગટર, પાણી સહિતના પડતર પ્રશ્નો આજે પણ ગામવાસીઓને દઝાડી રહ્યા છે. ત્યારે ચોમાસાની સિઝનમાં ગામડાઓમાં રહેતા ખેડૂત પરિવારોની હાલત કફોડી બની જાય છે. સેક્ટર-૨૮ પાસે આદીવાડા ગામના રહીશો નર્કાગાર જેવી સ્થિતિમાં દિવસો પસાર કરી રહ્યા છે. આદીવાડામાં પાણીના ભરાવાને પગલે કાદવ-કિચડથી માર્ગો ખદબદી રહ્યા છે. અતિશય ગંદકીને પગલે મચ્છરોનો ત્રાસ વળતા વાહકજન્ય રોગચાળો આ વિસ્તારમાં માથુ ઉંચકે તેવી દહેશત ગામલોકોમાં સેવાઈ રહી છે. મચ્છરોના ત્રાસથી ગ્રામજનોની ઉંઘ હરામ થઈ ગઈ છે. કાદવ-કીચડથી ખદબદતા આદીવાડામાં રહેવા માટે નાગરીકો મજબુર બન્યા છે. તંત્ર સમક્ષ અનેકવાર લેખીત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ યોગ્ય ઉકેલ ના આવતા ગ્રામજનો પરેશાન થઈ ગયા છે. તંત્રના બહેરા કાને આદીવાડાના રહિશોની ગુંજ સંભળાતી નથી. આદીવાડા ગામના રહિશો પોતાનું ગામ સ્વચ્છ અને સુંદર બને તેની મીટ માંડીને બેઠા છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સખી મંડળની બહેનો દ્વારા બનાવાયેલી રાખડીઓનો રાખી મેલો આજથી ગ્રામહાટ ખાતે શરૂ થનાર છે.

● ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ તથા જિલ્લા પોલીસ વડા યાદવ આજે માણસામાં ધ્વજવંદન સમારોહ યોજાવાનો છે તે સ્થળની મુલાકાતે ગયા હતા.

● જિલ્લામાં ત્રિરંગા યાત્રાના આયોજન કરવા માટે રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

● જિલ્લામાં પંચાયત સહાયકોની તાલિમને અંતે બે દિવસની પરીક્ષાઓમાં તંત્ર વ્યસ્ત બન્યું છે.

● ગાંધીનગર શહેર અને જિલ્લાની મહિલા પાંખની અગ્રણી મહિલાઓએ રાજયમંત્રી નિર્મલાબેન વાઘવાણીને મળી અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

● ગાંધીનગર જિલ્લામાં વેટરનરી તબીબોની કામગીરી અંગે જિલ્લા વિકાસ અધિકારી દેસાઈએ સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર જિલ્લા સમાજકલ્યાણ સમિતિના ચેરમેન એલ.એન. પરમાર અને પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના પ્રયત્નો પછી જિલ્લાની સરકારી શાળાઓમાં ધો. ૫ થી ૮માં ભણતી પછાત વર્ગોની ૩૦ હજાર જેટલી કન્યાઓને નોટબુક્સનું વિતરણ કરવામાં આવ્યું છે.

● આજે ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ રાષ્ટ્રીય સહસંગઠન મંત્રી વી. સતીષની ઉપસ્થિતિમાં પ્રદેશ ભાજપની બેઠક સવારે ૧૦ વાગે કમલમ ખાતે મળશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બેબી, જલ્દી ચાલતા શીખી જવું પડશે... જેવી રીતે મમ્મી મોબાઈલ પર વાત કરતા આપણને લઈ જાય છે... તેમાં આપણે મેટરનીટી હોસ્પિટલથી નીકળી સીધા ઓર્થોપેડિક હોસ્પિટલમાં પહોંચી જઈશું...!!!

## ૧૬મીએ શહેરમાં દેવીપૂજક સમાજ સ્પેશયલ અનામત માટે એકત્ર થશે

ગાંધીનગર, તા.૧૧

સમગ્ર રાજયમાંથી ગાંધીનગર શહેરમાં આગામી તા.૧૬ ઓગષ્ટના રોજ દેવીપૂજક સમાજ એકત્ર થશે. દેવીપૂજક સમાજ ઓબીસીના ૨૭ ટકા અનામતમાંથી ૧૧ ટકા સ્પેશયલ એસ.સી, એસ.ટી.સુવિધાવાળુ અનામત આપવા રાજયના મુખ્યમંત્રીને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવશે.

વિરાટ દેવીપૂજક સંઘના નેજા હેઠળ સમગ્ર રાજયમાંથી દેવીપૂજક સમાજના ભાઈ બહેનો આગામી તા.૧૬ ઓગષ્ટના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મોટીસંખ્યામાં હાજર રહેશે. સત્યાગ્રહ છાવણી ખાતે સભા યોજાયા બાદ વિરાટ દેવીપૂજક સંઘના હોદેદારો મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવા માટે જશે. જેમાં ઓબીસીના ૨૭ ટકા અનામતમાંથી દેવીપૂજક સમાજને સ્પેશયલ ૧૧ ટકા આપવા રજુઆત કરવામાં આવી છે. તેમજ જો દેવીપૂજક સમાજ તેમજ વિચરતી વિમુકત જ્ઞાતિનો સમાવેશ કરવામાં આવે તો ૧૩ ટકા અનામત આપવામાં આવે તેવી રજુઆત કરવામાં આવશે. આ અંગે વિરાટ દેવીપૂજક સંઘના પ્રમુખ રૂપસંઘભાઈ

● અનુસંધાન પાના - ૭ પર



વાવોલના રામધામ ખાતે આજે શાકભાજીના હિંડોળા કરવામાં આવ્યા હતા. રામધામ ખાતે શ્રાવણમાસ નિમિત્તે રોજેરોજ વિવિધ પ્રકારના હિંડોળા કરવામાં આવતા હોવાથી ભક્તોની ભારે ભીડ દર્શન માટે આવતી હોય છે.

# આખરે હોસ્પિટલ તંત્રએ લેબર વોર્ડના કર્મચારીઓની બદલી કરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલા લેબર વોર્ડમાં ફરજ બજાવતા વર્ગ-૪ ના કર્મચારીઓ પ્રસુતા મહિલા દર્દીઓ તેમજ સગાઓ પાસેથી ખુશી વેરાની માંગણી કરે છે તેવા આક્ષેપો વારંવાર થતા હતા. તાજેતરમાં તંત્ર સમક્ષ દર્દીના સગાએ ફરીયાદ કરતા આખરે તંત્રએ કર્મચારીઓની તાત્કાલીક બદલી કરી દીધી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. ગાંધીનગર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યમાં દર્દીઓ આવે છે. દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તે માટે હોસ્પિટલના સતાધિશો સતત ધ્યાન રાખી રહ્યા હોય છે. તેમ છતા વર્ગ-૪ ના કર્મચારીઓ રૂપીયા લેતા હોવાની અનેકવાર ફરીયાદો ઉઠવા પામી છે. પરંતુ તાજેતરમાં લેબરવોર્ડમાં દાખલ પ્રસુતા મહિલાઓના સગાઓ પાસેથી ખુશી વેરો લેવામાં આવ્યો હતો. આ સગાઓએ તાત્કાલીક અસરથી આ અંગે સિવિલના સતાધિશોને ફરીયાદ કરી હતી. હોસ્પિટલના સતાધિશોએ તપાસ કરીને તાત્કાલીક અસરથી લેબરવોર્ડમાં રહેલા કર્મચારીઓની બદલી કરી દીધી છે.

**ખુશી વેરાને લઈ વારંવાર થતા આક્ષેપોથી તંત્ર પણ કંટાળી ગયું હતું**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગાંધીનગર તેમજ આસપાસના ગામની સગર્ભા મહિલાઓ સારવાર માટે આવે છે. અત્યારે હાલના સમયે મોંઘીદાટ દવાઓ અને ઓપરેશનના તોંતિગ ખર્ચા નહી પહોંચી વળતા લાભાર્થીઓ હોસ્પિટલમાં સારવાર માટે આવે છે. રાજય સરકાર દ્વારા પણ સગર્ભા મહિલાઓને લઈ અનેક યોજનાઓ અમલમાં છે. રાજય સરકાર દ્વારા બાળક અને માતાને ઘર સુધી પહોંચાડવા માટે ખીલખીલાટ વાનની સુવિધા કરવામાં આવી છે. તેવા સમયે મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં લેબર વોર્ડમાં વારંવાર દર્દથી કણસી રહેલી મહિલાઓ તેમજ સગાઓ પાસેથી ખુશી વેરા માટે ઉઘરાણુ થતુ હોવાના આક્ષેપ ઉઠી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ગાયનેક વિભાગના હેડ છે ત્યારે લેબર વોર્ડમાં રોજ ઉઘરાણાના આક્ષેપ થાય છે જેને અનુલક્ષી હોસ્પિટલના તંત્ર દ્વારા લેબરવોર્ડના કર્મચારીઓને તાત્કાલીક અસરથી બદલી કરી દેવામાં આવી છે.

## સે-૧૨ નારી સંરક્ષણ ગૃહમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ સંચાલિત નારી સંરક્ષણ ગૃહ ખાતે રક્ષાબંધન પર્વ નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સે-૨ પ્રજાપિતા બ્રહ્માકુમારીના ભાવનાદીદી તેમજ તપસ્વીની દીદીએ શિવ પ્રાર્થના કરી પાવન પર્વની વિસ્તૃત માહિતી આપી હતી.

જેમાં તિલકની પ્રક્રિયા, મીઠાઈથી મોં મીઠું કરાવવાની રીત તેમજ રક્ષાબાંધતી વખતે ગાંઠનું મહત્વ સહિતની માહિતી આપી હતી તેમજ આ દરમિયાન કોઈ પણ એક ખરાબ આદત છોડી સત્કાર્ય કરવાની પ્રતિજ્ઞા લેવડાવી બહેનોને ભાવ વિભોર કરી દીધી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, સરોજબેન દેસાઈ, સંગીતાબેન ભટ્ટ તેમજ સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.




ગાંધીનગર આમ તો સ્માર્ટ સીટી હોવાથી પરંતુ ખરા અર્થમાં ઘણી સમસ્યાઓ હજુ ઉકેલવાની બાકી છે. જેમાંની એક સૌથી જટિલ સમસ્યા છે - રસ્તા પર રખડતા ઢોરો... નગરના મુખ્ય માર્ગો હોય કે આંતરિક માર્ગો જ્યાં ત્યાં રસ્તાની વચ્ચોવચ રખડતી ગાયો જોવા મળે છે. જેને કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાય છે અને ઘણીવાર તો આ ઢોરોએ રહેવાસીઓને અડફેટે પણ ચઢાવ્યા છે. તેમાંય સેક્ટર-૪ પાસેના રસ્તાઓ પર તો કાયમી ગાયોનો જમાવડો જોવા મળે છે. અહીં રહેતા પશુપાલકો સવાર-સાંજ પોતાની ગાયોને દોહીને છુટી મુકી દે છે. વધુમાં કહીએ તો મનમાની કહી શકાય. સેક્ટરના રહેવાસીઓએ અનેક વખત તંત્ર સમક્ષ રજૂઆતો કરી પરંતુ કોઈના કાને વાત સંભળાતી નથી. જાણવા તો ત્યાં સુધી મળ્યું છે કે આ પશુપાલકો 'વગદાર' હોવાથી કોઈ કાર્યવાહી થતી નથી. આજ રખડતા ઢોરોના કારણે વાહનચાલકોની સમસ્યા તો સર્જાય જ છે પરંતુ ઢોરોના મળમુત્રના કારણે સમગ્ર વાતાવરણ દુર્ગંધ મારે છે. અને વળી ચોમાસાના કારણે રોગચાળો થવાનો મોટો ભય રહે છે. સેક્ટર-૪ના રહેવાસી તો જાણે નર્કાગારમાં રહેતા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

## રાહત દરે ખાદ્યતેલનું વિતરણ

છેલ્લા બે વર્ષથી રાજ્યમાં વરસાદ ઓછો થવાના કારણે મગફળીના પાકમાં ઘટાડો થયો છે. જેથી રાજ્યમાં ખાદ્યતેલની પડતર કિંમતમાં વધારો જોવા મળ્યો છે. જેને પહોંચી વળવા રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે પ્રથમ વાર જ ઓગસ્ટ અને ઓકટોબર માસ ઉપરાંત અંત્યોદય ઉપરાંત બી.પી.એલ. કાર્ડ ધારકોને જુલાઇ અને સપ્ટેમ્બર માસમાં પણ એટલે કે સળંગ ચાર મહિના સુધી કાર્ડદીઠ એક લીટર રીફાઈન્ડ કપાસીયા તેલ એક લીટરના રૂ.૪૮/-ના ભાવે મુકત બજારના ભાવો કરતાં રાહત દરે વિતરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે પૈકી જુલાઇ માસમાં ખાદ્યતેલનું વિતરણ પૂર્ણ થયું છે અને ચાલુ માસમાં ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં અત્યંત ગરીબ કુટુંબો એવા આશરે ૩૬ લાખ બી.પી.એલ. તથા અંત્યોદય પરિવારોને લાભ મળશે.

## આજે સત્યાગ્રહ છાવણી ખાતે દલિતોએ કાળી પટ્ટી ધારણ કરી 'બ્લેક ડે' મનાવ્યો

ગાંધીનગર, તા.૧૧

ઉના અત્યાચાર દલિત કાંડને વખોડી કાઢવા આજરોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરમાંથી આવેલા દલિતોએ કાળી પટ્ટી ધારણ કરી બ્લેક ડે મનાવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજયભરમાંથી અંદાજે ૩૦૦ થી વધુ દલિત સમાજના આગેવાનો સહિત ગુજરાત અનુસૂચિત જાતિ અત્યાચાર સંઘર્ષ સમિતી ગાંધીનગરના હોદેદારો પણ હાજર રહ્યા હતા. જયારે થાનગઢ હત્યાકાંડમાં ન્યાય ઝંખતા અનુસૂચિત જાતિના પીડિત પરિવારોના સમર્થનમાં સત્યાગ્રહ છાવણી ખાતે આગામી તા.૨૧ ઓગષ્ટના રોજ અધિકાર રેલી તેમજ સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉના તાલુકાના મોટા સમઢીયાળા ગામે રહેતા દલિત યુવાનોને બેરહમી પૂર્વક જાહેરમાં અત્યાચાર ગુજારવાની ઘટનાને એક માસનો સમય થઈ ગયો છે. ઉનાકાંડને વખોડી કાઢવા ગુજરાતમાં દલિત સમાજ દ્વારા ઠેરઠેર રેલી, ધરણા, આવેદન પત્રો આપીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ બનાવમાં ભોગ બનેલ પરિવારને અત્યાર સુધી મુખ્યમંત્રી રાહત ફંડમાંથી એકપણ રૂપીયાની રાહત મળી નથી. તેમજ હજુ ગુનામાં સંડોવાયેલા વધુ આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી નથી તેવુ પિડીત પરિવારના સભ્યો કહી રહ્યા છે.ત્યારે અસામાજીક પ્રવૃતિ કરનારા તત્વોને અટકાવાની ફરજ રાજય સરકારની બને છે. અસામાજીક તત્વોને રાજય સરકાર દ્વારા ડોઝીયર તૈયાર કરવાની સુચના પણ આપેલ હોવા છતા આજદિન સુધી ગુજરાત સરકાર દ્વારા આ બાબતે કોઈપણ જાતની કાર્યવાહી કરી ન હોઈ દલિતોમાં ભારોભાર રોષ જોવા મળે છે. ઉનાકાંડના બનાવને એક માસ પૂર્ણ થયો હોવાથી ગુજરાત અનુસુચિત જાતિ અત્યાચાર સંઘર્ષ સમિતિ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે કાળીપટ્ટી ધારણ કરીને કાળો દિવસ મનાવ્યો હતો. જેમાં રાજયભરમાંથી અંદાજે ૩૦૦ થી વધુ દલિતો શહેરમાં આવ્યા હતા. જયારે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે અચોક્કસ મુદતના ધરણા ઉપર ઉતરેલા થાનગઢ હત્યાકાંડના પિડીત પરિવારોએ પણ આજે કાળીપટ્ટી ધારણ કરી ઉનાકાંડને વખોડી કાઢી કાળો દિવસ મનાવ્યો હતો.

## આર.જી. પટેલ કન્યા શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૧

તાલુકા કક્ષાની કબડ્ડી, ખોખો, વોલીબોલ અને એથ્લેટિક્સ રમતોની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં આર.જી. પટેલ કન્યા શાળાના અંડર-૧૭ અને અંડર-૧૯ની ટીમ પ્રથમ ક્રમાંકે વિજેતા બની છે. શાળાના ખેલાડીઓ પ્રથમ ક્રમાંક મેળવી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. તમામ ખેલાડીઓને શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોશી દ્વારા કોચીંગ આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સે-૧૫ સાંઈ ખાતે યોજાયેલ જિમનેસ્ટીક સ્પર્ધામાં શાળાની ધો-૧૧માં અભ્યાસ કરતી ભાવના સિસોદિયા પ્રથમ ક્રમાંક મેળવી રાજયકક્ષાએ પસંદગી પામેલ છે. શાળાના આચાર્યા સુધાબેન પટેલ, સુપરવાઈઝર દિલહરબા જાડેજા, ગીતાબેન પટેલ તેમજ ગીતેશભાઈ પટેલ તથા શાળા પરીવારે તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે તા.૧૯ ઓગષ્ટના રોજ નારેશ્વર અને સ્યંભેશ્વરના ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવાસનો લાભ લેવા ઈચ્છુક બહેનોએ મો.નં. ૯૪૨૮૬ ૧૪૪૮૨ અથવા ૯૯૨૪૩ ૨૩૭૦૪ ઉપર સંપર્ક કરવા સંસ્થાના પ્રમુખ ચંદ્રિકાબેન રાવલ દ્વારા જણાવાયું છે.

બાંધકામ ઉદ્યોગમાં વિવિધ પ્રકારની કુશળતા ધરાવતા કારીગરોની વિશ્વ કક્ષાએ જરૂરિયાત રહે છે. જેના કારણે ઉત્તમ કક્ષાના કુશળ તથા તાંત્રિક કારીગરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી બાંધકામ ક્ષેત્રે જીલ્લાના યુવાનોને ઉચ્ચ તાલીમ મળે તે હેતુસર જીલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર તથા આઈ.ટી.આઈ. ગાંધીનગર દ્વારા નીચે જણાવેલ પ્રમાણેના કોર્સની તાલીમ વિનામૂલ્યે આપવાનું આયોજન કરેલ છે.

| ક્રમ | કોર્સ ચલાવતી સંસ્થા | કોર્સનું નામ | સમયગાળો | લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | ITI, દહેગામ | કડિયા | ૩ મહિના | ધો.પથી ૧૦ પાસ |
| ૨ | ITI, દહેગામ | બાર બેન્ડર | ૩ મહિના | ધો.પથી ૧૦ પાસ |
| ૩ | ITI, દહેગામ | પ્લમ્બિંગ અને સેનીટેશન | ૩ મહિના | ધો.પથી ૧૦ પાસ |

રસ ધરાવતા ઉમેદવારો વહેલી તકે તા. ૨૨/૮/૨૦૧૬ સુધીમાં કચેરી કામકાજ દરમિયાન વિનામૂલ્યે તાલીમ માટે જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર 'સી' વિંગ, પ્રથમ માળ, સહયોગ સંકુલ, પથિકાશ્રમ પાસે, સિવિલ હોસ્પિટલ સામે, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧ ખાતો નોંધણી કરાવી શકે છે.

સહી/-
રોજગાર અધિકારી (જનરલ)
જીલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર

માહિતી/૧૨૪૫/૧૬-૧૭